


ૐ સત્યં જ્ઞાનં જ્યોતિરરવિન્દ

... **O** Supreme Master who shinest in my being and each thing, let Thy Light be manifest and the reign of Thy Peace come for all.

- The Mother

... **હે** પરમ પ્રભુ, તું મારા સ્વરૂપમાં તેમ જ પ્રત્યેક પદાર્થમાં પ્રકાશી રહ્યો છે, તારો પ્રકાશ આવિર્ભાવ પામો અને સર્વને માટે તારી શાંતિનું સામ્રાજય બની આવો.

- શ્રી માતાજી

---

Prayers and Meditations - November 28, 1912*
પ્રાર્થનાઓ અને ધ્યાન - નવેમ્બર ૨૮, ૧૯૧૨*

**From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2.✆ 0413-2331470**
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • **February 2020**
**https://themothersprosperity.org**

# Prosperity

**2020**
FEBRUARY
૧ ફેબ્રુઆરી, ૨૦૨૦

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

## — Let Thy Light be Manifest —
## — તારો પ્રકાશ પ્રગટ થાઓ —




ૐ તત્ સત્ જ્યોતિરરવિન્દ

**Let** Thy Light be in me like a Fire that makes all alive; let Thy divine Love penetrate me. I aspire with all my being for Thy reign as sovereign and master of my mind and heart and body; let them be Thy docile instruments and Thy faithful servitors.

- The Mother

**તારો** પ્રકાશ મારી અંદર એક જીવન રચતા અગ્નિ જેવો છે અને તારો દિવ્ય પ્રેમ મારામાં ઊંડે ઊંડે ઊતરી જાય છે : મારા સારાયે સ્વરૂપ દ્વારા હું અભીપ્સા કરું છું કે આ શરીરમાં તું સર્વસત્તાધીશ પ્રભુ તરીકે રાજ્ય કરી લે. આ શરીર તારું વિનમ્ર કરણ અને વફાદાર સેવક બનવા ઇચ્છી રહ્યું છે.

- શ્રી માતાજી

---

Prayers and Meditations - November 3, 1912* / પ્રાર્થનાઓ અને ધ્યાન - નવેમ્બર ૩, ૧૯૧૨*

## Towards Integrality of ...
## ઊર્ધ્વ પ્રકૃતિની પરિપૂર્ણતા પ્રતિ ...

**A** mother to our wants, a friend in our difficulties, a persistent and tranquil counsellor and mentor, chasing away with her radiant smile the clouds of gloom and fretfulness and depression, reminding always of the ever-present help, pointing to the eternal sunshine, she is firm, quiet and persevering in the deep and continuous urge that drives us towards the integrality of the higher nature.

- Sri Aurobindo

.. **આપણી** આવશ્યકતાઓને પૂરી કરવામાં માતા જેવી, આપણી વિપત્તિઓમાં મિત્ર જેવી, એક શાંત સુદૃઢ અને પીઢ સલાહકાર જેવી, શોક, ઉદ્વેગ અને નિરુત્સાહનાં વાદળોને પોતાના ઉજ્જવલ સ્મિતથી વિખેરી નાખતી, પોતાની સદાસુલભ સહાયનું આપણને સદા સ્મરણ કરાવતી, પ્રભુના શાશ્વત સૂર્યપ્રકાશ પ્રત્યે આંગળી ચીંધતી આ મહા દેવી શાંત અને સુદૃઢ ભાવે, ખંતપૂર્વક આપણને ઊર્ધ્વ પ્રકૃતિની પરિપૂર્ણતા પ્રાપ્ત કરવાની દિશામાં ઊંડી અને અખંડ પ્રેરણા આપ્યે જાય છે.

- શ્રી અરવિન્દ

The Mother: pp.54-55 / મા ભગવતી : પૃ. ૪૮-૪૯

## the Harp of Life ...
## જીવનનું બીન ...

...when her Personalities are all gathered in her and manifested and their separate working has been turned into a harmonious unity and they rise in her to their supramental godheads, then is the Mother revealed as the supramental Mahashakti and brings pouring down her luminous transcendences from their ineffable ether.

Then can human nature change into dynamic divine nature because all the elemental lines of the supramental Truth-consciousness and Truth-force are strung together and the harp of life is fitted for the rhythms of the Eternal.

- Sri Aurobindo

... **જ્યારે** મા ભગવતીમાં તેનાં પોતાનાં બધાં સ્વરૂપો એકત્રિત થાય છે, પ્રાદુર્ભાવ પામે છે, તેમનું અલગ અલગ કાર્ય ભેગું મળી એક સંવાદપૂર્ણ એકતા ધારણ કરે છે અને તે સ્વરૂપો તેનામાં પોતપોતાના અતિમાનસ દેવત્વને પ્રાપ્ત કરે છે ત્યારે જ મા ભગવતી અતિમાનસ મહાશક્તિ રૂપે પ્રત્યક્ષ બને છે અને પોતાના અનિર્વચનીય વ્યોમમાંથી તેજોમય પરાત્પરતાઓના પ્રવાહોને વેગપૂર્વક નીચે વહેતા મૂકે છે.

એમ થયા પછી જ માનવપ્રકૃતિ સક્રિય એવી દિવ્ય પ્રકૃતિમાં પલટાઈ શકે છે. કારણ કે વિજ્ઞાનમયી ઋત-ચેતનાની અને ઋત-શક્તિની સઘળી આદિ રેખાઓ ત્યારે એકત્ર થઈ ચૂકી હોય છે અને પરમાત્માના શાશ્વત સંગીતને ઝીલવા માટે જીવનનું બીન સજ્જ બનેલું હોય છે.

- શ્રી અરવિન્દ

The Mother: pp.56-57 / મા ભગવતી : પૃ.૫૦